# ગાંધીનગરમાં સો પથારી ધરાવતી અદ્યતન ગોએન્કા હોસ્પિટલનું ઉદઘાટન

અમદાવાદ, તા. ૨૨

ગાંધીનગરના શહેરીજનો તેમજ આસપાસના ગ્રામીણ લોકોને અદ્યતન તબીબી સુવિધાઓ પુરી પાડવા કરોડોના ખર્ચે પેથાપુર-મહુડી રોડ પર મલ્ટી સ્પેશીયાલીટી ગોએન્કા હોસ્પિટલની સ્થાપના કરવામાં આવી છે. આઈસીયુ તથા ઈસીજી ઓન વ્હીલ્સની સુવિધા ધરાવતી આ હોસ્પિટલમાં ૧૦૦ પથારીની વ્યવસ્થા છે. હોસ્પિટલના અધ્યક્ષ અપૂર્વ ગોએન્કાએ જણાવ્યું હતું કે હોસ્પિટલમાં લોહીના સ્ટોરેજની પણ સુવિધા છે. જે ગાંધીનગરમાં પ્રથમ વખત શરૂ થયેલી સુવિધા છે. ઉપરાંત અત્યાધુનિક ઉપકરણો જેવા કે કલરડોપલર રડીઈકો, કોમ્પ્યુટરરાઈઝ એક્સ-રે, અલ્ટ્રાસાઉન્ડ અને ઈન હાઉસ લેબોરેટરની સુવિધા છે. જેમાં ઉચ્ચ કક્ષાના રક્ત પરીક્ષણ માટે પેથોણે, માઈક્રોબાયોલોજી, હીસ્ટોપેથોલોજી અને ઈમ્યુનોલોજીનો સમાવેશ થાય છે. ડો. દિવ્યેશ ગુપ્તાએ જણાવ્યું હતું કે હોસ્પિટલમાં બે પ્રકારના આઈસીયુ છે, જેમાં એક સર્જીકલ અને બીજુ મેડિકલ આઈસીયુ છે.